Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-18, Issue-2, September-2024

# ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં રાસ ગામનું ઐતિહાસિક પ્રદાન

ડૉ. વિનોદકુમાર મુંજપરા
(અધ્યાપક સહાયક) ઇતિહાસ વિભાગ નલિની - અરવિંદ એન્ડ ટી. વી. પટેલ
આર્ટ્સ કોલેજ વલ્લભ વિદ્યાનગર.

## પૂર્વભૂમિકા :

ભારતમાં યુરોપિયન પ્રજાના આગમન બાદ અંગ્રેજોએ વેપારના ઉદ્દેશ સાથે પ્રવેશીને ધીમે-ધીમે રાજકીય સ્વરૂપ આપી તત્કાલીન મુગલોની નબળી પડેલી સ્થિતિનો લાભ ઉઠાવી સત્તા હસ્તગત કરી શાસન વિકસાવ્યું. ઇ.સ. ૧૭૫૭ માં બંગાળ, બિહાર અને ઓરિસ્સાના પ્રદેશોની દીવાની સત્તા મળતા તેમણે ઇ.સ. ૧૮૫૭ સુધી એટલે કે એક સદીના સમયગાળામાં ભારત દેશના વિવિધ પ્રદેશો પર સત્તા પ્રાપ્ત કરી ભારતીયોનું શોષણ શરૂ કર્યું. કંપની સરકારે ભારતમાં વધારેલ અંગ્રેજોની સત્તા સામે ભારતીયોએ ઇ.સ. ૧૮૫૭ માં મુક્તિ સ્વાતંત્ર સંગ્રામ લડ્યો પરંતુ કમનસીબે તેમાં અંગ્રેજો સામે સફળતા ન મળી. ઈ.સ. ૧૮૮૫ માં ભારતના લોકો તેમનો સ્વાતંત્ર સિદ્ધિનો ઉદ્દેશ સફળ બનાવવા માટે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સ્થાપી. જેના પ્રથમ 20 વર્ષ બાદ બે ભાગલા થઈ ગયા. ઈ.સ. ૧૯૦૬ માં મુસ્લિમ લિંગની સ્થાપના થતા અંગ્રેજો તેમની ભાગલા પાડવાની રાજનીતિમાં સફળ થયા. કોંગ્રેસ દ્વારા રાષ્ટ્રીય સ્વાતંત્ર્યની લડત શરૂ કરી પરંતુ અલગ અલગ વિચારધારાઓના કારણે નિશ્ચિત પરિણામ મળી શક્યું ન હતું. ભારતીય ઇતિહાસમાં ઇ.સ. ૧૯૧૫ નું વર્ષ અગત્યનું બની રહે છે. કોંગ્રેસની સ્થાપનાના ત્રણ દાયકા બાદ 'ગાંધીયુગ'ની શરૂઆત થાય છે. જેમાં ભારતમાં ઇ.સ. ૧૯૧૫ થી ૧૯૪૭ ના સમયગાળા દરમિયાન ગાંધીજી અને સરદાર પટેલના નેતૃત્વ હેઠળ જુદા જુદા કાર્યક્રમોમાં આયોજન દ્વારા લોકોને રાષ્ટ્રીય જાગૃતિ માટે તૈયાર કર્યા. તેમના રચનાત્મક કાર્યો લોકોમાં ખૂબ જ અસરકારક રહ્યા. સ્વાતંત્ર સંગ્રામમાં ગુજરાતના બોરસદ તાલુકાના 'રાસ' ગામે જે કરી બતાવ્યું તેના પછી 'રાસ' ગામ સમગ્ર ભારતમાં જ નહીં વિશ્વમાં પણ જાણીતું બની ગયું.

## સ્વાતંત્ર્ય સંગ્રામમાં રાસ ગામનું ઐતિહાસિક પ્રદાન

### ❖ રાસ ગામનો પરિચય :

ભારત દેશમાં પશ્ચિમ ભાગમાં આવેલ ગુજરાત રાજ્યના ચરોતર પ્રદેશમાં આવેલા આણંદ જિલ્લામાં આવેલા કુલ આઠ તાલુકાઓ પૈકી એક એવા બોરસદ તાલુકામાં 'રાસ' ગામ આવેલ છે. રાસ ગામ બોરસદ તાલુકાના આણંદ જિલ્લા મથકથી ૩૨ કિલોમીટર દૂર આવેલ ગામ છે. ગાંધીનગર પાટનગર થી તેનું અંતર ૧૧૭ કિલોમીટર છે જ્યારે બોરસદથી આશરે ૧૫ કિલોમીટર દૂર આવેલ ગામ છે. ઉ.અ. ૨૨-૨૭ અને પૂર્વે ૭૨-૫૦ ઉપર આવેલું આ ગામ વાસદ કઠાણા રેલ્વે લાઈન ઉપરનું કઠાણાની આગળનું સ્ટેશન છે. રાસ ગામની ઉત્તરે પેટલાદ તાલુકો, પૂર્વ દિશાએ આંકલાવ તાલુકો, પશ્ચિમે ખંભાત તાલુકો અને પૂર્વે તરફ પાદરા તાલુકો આવેલ છે. રાસ ગામના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી, ખેત મજૂરી તેમજ પશુપાલન છે. આ ગામમાં મુખ્યત્વે ડાંગર, બાજરી, તમાકુ, બટાકા, શક્કરીયા તેમજ અન્ય શાકભાજીના પાકની ખેતી કરવામાં આવે છે.

રાસ ગામ ક્ષેત્રફળની દ્રષ્ટિએ ૪.૨ ચોરસ માઈલનો વિસ્તાર ધરાવે છે. ૨૦૧૧ ની વસ્તી ગણતરી પ્રમાણે જોઈએ તો રાસ ગામની કુલ વસ્તી ૬૭૫૫ અને ઘરોની સંખ્યા ૧૫૨૦ છે. સ્ત્રી દર ૪૭.૬ ટકા ગ્રામ્ય સાક્ષરતા દર ૭૨.૪% અને સ્ત્રી સાક્ષરતા દર ૩૧.૧ ટકા નોંધાયેલ છે. ગામની સ્થાનિક ભાષા ગુજરાતી છે.

સગવડતાની દ્રષ્ટિએ જોઈએ તો રાસ ગામમાં કુંભારવાડા પાસે જુના સમયની પુરાઈ ગયેલી એક વાવ છે. જુના સમયનો કૂવો છે તેનું પાણી સારું હોવાથી લોકો તેને પાણીનો ઉપયોગ કરે છે. ચોમાસામા કેટલાક સમય બાદ કરતા સમગ્ર વર્ષ દરમિયાન બોરસદ, ખંભાત દહેવાણ અને કઠાણા જવાની બસ સગવડતા છે. ગામમાં બ્રાન્ચ પોસ્ટ ઓફિસ પણ છે. ગ્રામ પંચાયત પણ છે, દવાખાનાની પણ સગવડ છે.

ઉદ્યોગમાં જોઈએ તો ગામમાં મુખ્યત્વે ખેતી, અનાજ ઉપરાંત તમાકુ પાકે છે. વણકર કાપડ વણે છે, મોચી, સુથાર, રાણા વગેરે પોતપોતાના ગૃહ ઉદ્યોગો ચલાવે છે.

શિક્ષણની દ્રષ્ટિએ જોઈએ તો લોકલ બોર્ડ તરફથી સાત ધોરણની અલગ અલગ કુમારો અને કન્યાશાળા ચાલે છે. કુમારશાળાને સરદાર કુમારશાળા અને કન્યા શાળાને ગાંધી કન્યા વિદ્યાલય એવા નામ આપવામાં આવ્યા છે. કેળવણી મંડળ સંચાલિત એવી સ્કૂલ ચાલે છે. ગામમાં પુસ્તકાલય અને વ્યાયામશાળા ચાલે છે. પુસ્તકાલયની શરૂઆત 'હોમરૂલ લિંગ'ની ચળવળ વખતે થઈ હતી.

રાસ પ્રગતિ મંડળની સ્થાપના ૦૧/૧૦/૧૯૫૧ ના રોજ ૭૫ સભ્યો સાથે થઈ હતી. મંડળ તરફથી વિદ્યાર્થીઓ માટે રાત્રે છાત્રાલયો ચલાવવું, રમતગમતની હરીફાઈઓ યોજવી, ચૂંટણી સમયે મતદારોને જાગૃત કરવા સંસ્કાર કાર્યક્રમો યોજવા વગેરે પ્રવૃત્તિ થાય છે.

ધાર્મિક સ્થળોમાં જોઈએ તો લગભગ ૧૨૫ વીઘા જેટલી જમીન ધરાવતું રામજી મંદિર છે. આ ઉપરાંત કબીરજીનું મંદિર, સતી માતા મંદિર, પ્રણામી મંદિર, મસ્જિદ વગેરે પણ છે. ગામના તળાવથી દહેવાડના માર્ગ ઉપર સતી માતાનો હાથના નામથી ઓળખાતો પથ્થરનો પાળિયો છે. આ પાળીયા પર શિલાલેખ કોતરેલો છે.

રાસ ગામ રાષ્ટ્રીયતાના રંગે રંગાયેલું છે. ના કરની લડતમાં મહત્વનો ફાળો આપનાર તરીકે તે ખૂબ જ જાણીતું છે. તે ગાંધીજી અને સરકારશ્રી જેવાઓની કૃપાપાત્ર બનેલું છે. આજે પણ તે નેતાઓની યાદમાં તેમના નામ ગામની સંસ્થાઓ સાથે જોડવામાં આવ્યા છે. એક વડ નીચે સરકારશ્રીએ મોટી સભા ભરી વ્યાખ્યાન આપેલો ત્યાં તેમની ધરપકડ થયેલી તેની યાદમાં એ વડ આજે ‘વલ્લભવડ’ તેમની સ્મૃતિઓ સાથે અડગ ઉભો જોવા મળે છે. રાસ ગામે સરદાર સાહેબની ધરપકડ કરવા પાછળનો બ્રિટિશ સરકારનો ઉદ્દેશ એવો હતો કે ધરપકડ બાદ દાંડી યાત્રા અટકી જશે પરંતુ સરદાર સાહેબે જેલમાં રહીને સત્યાગ્રહને સફળતા અપાવી.

## સ્વાતંત્ર સંગ્રામમાં રાસ ગામ

લાહોરની કોંગ્રેસ અદભુત હતી પંજાબના પાટનગરમાં દેશભરના આગેવાનો આવી પહોંચ્યા હતા. લડાઈ માટે તલ પાપડ થઈ રહેલા નવયુવાનોના ચહેરા ખીલી ઉઠ્યા હતા. કોંગ્રેસના મુખ્ય પદે જવાહરલાલ નેહરૂ ચૂંટાયા હતા. ઇ.સ. ૧૯૨૯ ના ડિસેમ્બરની ૩૧ મી તારીખે રાત્રે બાર વાગે રાવી નદીના તટ પર જવાહરલાલ નેહરૂ એ કોંગ્રેસના પ્રમુખ પદેથી સંપૂર્ણ દેશ માટે પૂર્ણ સ્વરાજ્યની ઘોષણા કરી અને સ્વતંત્રતાનો ઝંડો ફરકાવ્યો હતો. ત્યારબાદની ઘટનાઓ વીજળીવેગે બનવા લાગી હતી. ૩૧મી તારીખની મધરાતે ગાંધીજીએ ભરી સભામાં ઠરાવ મુક્યો લાંબા ભાષણના અંતે કહ્યું સરકારને આપેલી મુદત પૂરી થઈ છે. આપણે હવે પૂર્ણ સ્વરાજ્યની લડત શરૂ કરવાની છે તે માટે ભારે ભોગ આપવો પડશે. અબાલ વૃદ્ધ સૌ તૈયાર થઈ જાવ ગાંધીજીના ઠરાવ ઉપર ૩૬ સુધારા આવ્યા ગાંધીજીએ સવાલોના જવાબો આપ્યા એક પછી એક સુધારા ઉડી ગયા અને ગાંધીજીનો ઠરાવ પસાર થયો.

મહાસભાની પૂર્ણાહુતિ બાદ નેતાઓ પોતપોતાના પ્રાંતમાં લડતની

તૈયારી કરવા જઈ પહોંચ્યા ગાંધીજીએ પૂર્ણ સ્વરાજ્યની પ્રતિજ્ઞા ઘડી કાઢી હતી. ૨૬ જાન્યુઆરીના દિવસે હિન્દભરમાં શહેરે શહેરે અને ગામડે ગામડે ધ્વજ વંદન કરી એ પ્રતિજ્ઞા વાંચી સંભળાવવાનો હુકમ મહાસભા એ બહાર પાડ્યો હતો એ હુકમ મુજબ સમગ્ર દેશમાં ૨૬ જાન્યુઆરીના દિવસે સવારમાં ધ્વજ વંદન થતા સરઘસો નીકળ્યા. સભાઓમાં સ્વાતંત્ર પ્રતિજ્ઞાનું વાંચન થયું. સમગ્ર દેશમાં પૂર જોશથી સ્વાતંત્ર દિન ઉજવાયો ગામડે ગામડે મહાસભાનો સંદેશો ફરી વળ્યો. સાબરમતી આશ્રમમાં મહાસભાના મોવડીઓની સભા થઈ બંધ બારણે વ્યુહ રચના કરી. ગાંધીજીને મહાસભાના સુકાની નિમ્યા.

ગાંધીજી અંગ્રેજ સરકારની ચાલબાજી સમજતા હતા તેમણે આંદોલનને સ્વીકાર કરીને પોતાની સુપ્રસિદ્ધ ૧૧ માગણીઓ રજૂ કરી પણ સરકારે એ માગણીઓનો સ્વીકાર કરી શકે તેમ ન હતી. આ માગણીઓમાં મીઠા ઉપરનો કર નાબૂદ કરવાની પણ એક શરત હતી એ પ્રશ્ન ઉપર ગાંધીજીએ મીઠાનો સત્યાગ્રહ કરવાનો નિર્ણય કર્યો.

આ વખતે ગાંધીજીએ પોતાના આશ્રમ વાસીઓનો પહેલો ભોગ ભરવાનો નિર્ણય કર્યો. આશ્રમમાં ૭૯ ભાઈઓ અને સાથે પગે ચાલતા સાબરમતીથી દાંડી સુધીની કૂચ કરવાનું નક્કી કર્યું હતું. દાંડી કિનારે જઈને વગર પરવાને મીઠું પકાવવું અને આ રીતે સરકારના અન્યાયી કાયદાનો ભંગ કરવાનો નિશ્ચય કર્યો. ૧૨ મી માર્ચે કુચ શરૂ કરવાનો નિર્ધાર કર્યો હતો.

આ કુચની સમગ્ર યોજના સરદારની દેખરેખ હેઠળ તૈયાર થઈ હતી અહીં ગાંધીજી કુચની તૈયારીમાં મચી પડ્યા હતા જ્યારે સરદાર પટેલ આખા ગુજરાતમાં ઘુમી રહ્યા હતા. એક ભાષણમાં તેમણે કહ્યું.

"હવે એક એવું ધર્મયુદ્ધ શરૂ થવાનું છે કે જેને દુનિયાએ આ પહેલા ક્યારેય જોયું નહીં હોય આ એવું ધર્મયુદ્ધ છે જેમાં એક બાજુ સમગ્ર સાત્વિક શક્તિઓનો ધાર્મિક શાસ્ત્રોનો ઉપયોગ થશે અને બીજી બાજુ આસુરી શક્તિઓનો રાક્ષસી ઉપયોગ થશે. આ યુદ્ધમાં તમે સૌભાગ ભજવશો અને કોનો પક્ષ લેશો એનો નિર્ણય તમારે પોતે કરવાનો છે.

"બધા ગુજરાતીઓનો હું અહીંથી કહેવા માગું છું કે જેમને મૃત્યુનો ભય હોય એ તીર્થ યાત્રા કરવા નીકળી પડે પોતાની માલમિલકતની વ્યવસ્થા કરીને ચાલી નીકળે જેમની પાસે પૈસા હોય એ પરદેશ જતા રહે. જો તમે સાચા ગુજરાતીઓ હોય તો એવું કોઈ પણ કામ ન કરતા જેથી આપણને શરમાવવું પડે. માથું

નીચું કરીને ક્યારે ફરશો નહીં, બારણા બંધ કરીને ઘરમાં ભરાઇ રહેશો નહીં, થોડા જ દિવસો બાકી રહ્યા છે. ૧૫-૧૫ વર્ષોથી આપણને જે તાલીમ મળી છે એની હવે પરીક્ષા થવાની છે.

"ગુજરાતની પ્રજા ઇતિહાસમાં સ્વતંત્રતાનું પહેલું પાનું લખી રહી છે ઈશ્વર એને શક્તિ આપે ઈશ્વર તમારા સૌનું કલ્યાણ કરો.

સરદાર વલ્લભભાઈ પટેલના આવા ભાષણોનો ગુજરાતની જનતા ઉપર ઘણો પ્રભાવ પડ્યો. સરકાર ગભરાઈ ગઈ હતી સરકાર બારડોલીના અનુભવ પરથી જાણી ચૂકી હતી કે ગુજરાતની ગ્રામીણ જનતા પર સરદાર પટેલનો કેટલો પ્રભાવ છે અને કેવી રીતે તેઓની નિ:સંકોચ તેમની પાછળ ચાલવા તૈયાર થઈ જાય છે.

૧૨મી માર્ચ નજીક આવી ગઈ હતી તેમ તેમ વાતાવરણ બનતું ગયું સરદારના ભાષણોથી સરકાર ચેતી ગઈ હતી. સરકારને ગાંધીજી કરતા પણ વધારે ડર હતો બારડોલીનો ઘા હજી તાજો જ હતો સરદાર પણ ખરા રંગમાં આવી ગયા હતા તેઓ પોતાની લાક્ષણિક ઢબે કહેતા હતા કે મારા હાથમાં જેલની રેખા જ નથી. બાપુને સરકાર પકડી લે પછી તેઓ રંગ જમાવવા માગતા હતા કે આખી સલ્તનત થંભી જાય ઈ.સ. ૧૯૨૨ માં ગાંધીજીને પકડ્યા અને છ વર્ષની સજા કરી ત્યારે લોર્ડબર્કન હેડ પાર્લામેન્ટમાં બોલ્યા હતા કે, 'ગાંધીજીને પકડ્યા છતાં હિન્દુસ્તાનમાં એક કૂતરોએ ભસ્યું ન હતું.' સરદાર આ વખતે આનો જડબાતોડ જવાબ આપવા માંગતા હતા.

ભરૂચના ઐતિહાસિક ભાષણ બાદ સરદારની હાકલ ગુજરાતને ગામેગામ સંભળાવવા લાગી અને કુંવરજીભાઈની જેમ સત્યાગ્રહી લડવૈયા સરદારના ધ્વજ હેઠળ આવીને ઊભા થવા લાગ્યા. તારીખ સાતમી માર્ચે ખેડા જિલ્લાના કંકાપુર ગામે સરદારનું ભાષણ ગોઠવવામાં આવ્યું હતું ગાંધીજી દાંડીયાત્રા દરમિયાન એ જગ્યાએ મહીસાગર પાર કરવાના હતા. કંકાપુર જતા રસ્તામાં રાસ ગામ આવતું હતું. ત્યાં એમના જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. જમ્યા બાદ તરત કંકાપુર પહોંચવાનું હતું. રાસના કાર્યકર્તા આશાભાઈએ સરદાર સાહેબને વિનંતી કરી કે આપ રાસના લોકોને બે શબ્દો ન કહેતા જાવ. સરદાર સાહેબને પણ લાગતું તો હતું જ કે કંઈક નવાજૂની થશે. એમ છતાં આશાભાઈનો આગ્રહ જોઈને એમણે કહ્યું કે લોકો તૈયાર હોય તો ગોઠવો એકાદ કલાકમાં કનકાપુર પહોંચી જવાશેને ? આશાભાઈએ કહ્યું જરૂર,

તરત રાસ ગામમાં નગારૂ પિટાયુ અને વડ નીચે આખું ગામ ભેગું થયું પોલીસ બંદોબસ્ત કનકાપુરા ગોઠવાયો હતો ત્યાં આજુબાજુના આઠ-દસ ગામના લોકો ભેગા થયા હતા. આ રાસની સભા તો અણધારી ગોઠવાઈ એમ છતાં સમાચાર મળ્યા એટલે પોલીસો તથા દહેવણના ઠાકોર મોટરો દોડાવતા રાસની સભામાં આવી પહોંચ્યા હતા. એમની સાથે મેજિસ્ટ્રેટ પણ હતા સભા શરૂ થાય એ પહેલા જ મેજિસ્ટ્રેટે જાતે સરદાર સાહેબના હાથમાં નોટિસ મૂકી નોટિસ આપતી વખતે તેમનો હાથ ધ્રૂજતો હતો. નોટિસમાં જણાવવામાં આવ્યું હતું કે સરદાર સાહેબે ભાષણ ન કરવું પણ સરદાર સાહેબે કહ્યું હું તો ભાષણ કરવાનો.

ત્યારબાદ એ લોકોને ઉદ્દેશીને કહેવા લાગ્યા મને તમારી સાથે વાતો ન કરવાની નોટિસ આપવામાં આવી છે પણ હું તમારી સાથે વાત પણ ન કરું એ શી રીતે બને ? મને પકડવામાં આવે તો કોઈએ ગભરાવાની જરૂર નથી પૂરી શાંતિ સાચવજો મારો વિચાર તો ગાંધીજી જેલમાં જાય પછી સત્યાગ્રહ કરવાનો હતો પણ લક્ષ્મી ચાલો કરવા આવે ત્યારે કાંઈ મોં ધોવા જવાય ? મારે બીજું કશું કહેવાનું નથી પણ ગાંધીજી કહે એ પ્રમાણે વર્તજો. સરદાર સાહેબ આગળ લંબાવે એ પહેલા તો પોલીસ અમલદારે પોલીસો પાસે ત્યાં પરેડ કરાવી અને લોકોમાં પોલીસોનું અસ્તિત્વ સિદ્ધ કર્યું અને પોલીસ અમલદારે સરદારને પકડેલા જાહેર કર્યા આ રીતે રાસ ભાગોળેથી સરદાર સાહેબને પકડવામાં આવ્યા.

આ ઘટનાથી રાસ ગામમાં લોકોનું દિલ ઘવાયું તેમણે સંકલ્પ કર્યો કે સરકારને કરવું હોય તે કરે પણ આ લડત ચાલે ત્યાં સુધી આપણે લડતમાં પાછી પાની નથી કરવી પાછળથી નાકરની લડત શરૂ થઈ. તે વખતે રાસ મોખરે રહ્યું. સરદાર સાહેબને રાસથી બોરસદ લઈ જવામાં આવ્યા અને તે જ દિવસે કેસ ચલાવી તેમને ત્રણ માસની સજા સંભળાવવામાં આવી.

સરદારની ધરપકડથી સ્વાતંત્ર સંગ્રામમાં શ્રી ગણેશ મંડાયા આ સમાચાર સમગ્ર ગુજરાતમાં વાયુવેગે પ્રસરી ગયા. ગામે-ગામ હડતાલ, સરઘસ, સભાઓ અને વિરોધના ઠરાવો થયા. અમદાવાદમાં સાબરમતી નદીની રેતમાં ગાંધીજીના પ્રમુખ પદે એક જંગી સભા મળી અને તેમાં વલ્લભભાઈને ત્યાં લઈ ગયા હતા. ત્યાં જવાનો દેશની સ્વાધીનતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ઝડપીને બેસવાનો અને સરકારને જમવા ન દેવાનો નિશ્ચય જાહેર કરવામાં આવ્યો ગાંધીજીએ સરદારને ધન્યવાદ

આપ્યા તેમની અનેકવિધ સેવાઓનો ઉલ્લેખ કરી પ્રજાને સરદારને પગલે ચાલવાનો અનુરોધ કર્યો.

રાસમાંથી સરદાર સાહેબની ધરપકડ થયા બાદ રાસ ગામે સરકારી તંત્ર સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ન રાખવાનો નક્કી કર્યું હતું. ત્યાના મુખી, તલાટી, રાવણીયા બધાના રાજીનામાં આવી ગયા હતા. ગામમાં કોઈ અમલદાર આવે તો કોઈ પાણી પીવા ના આપતા. આથી કોઈ અમલદાર આવે ત્યારે તેમની સેવા માટે બોરસદના બે મુસલમાનોને ગોઠવ્યા હતા પરંતુ તેમણે પણ પોતાનું ખાવાનું બોરસદથી લાવવું પડતું એકવાર ડી.ડી.સી. રાસ ગામમાં આવવાના હતા ગામના વસવાયાઓએ સરકારી અમલદારોને કસી મદદ ન કરવી એવો ઠરાવ કર્યો હતો ગામના અગ્રણી કાર્યકર્તા આશાભાઈને સરકારી કર્મચારીને અસહકાર માટે સજા કરી આશાભાઈને અઢી વર્ષની સજા કરવામાં આવી હતી. તે ઘટાડીને છ મહિનાની કરી. ગાંધીજીએ રાસ ગામના લોકોને અભિનંદન પાઠવ્યા હતા.

રાવણીયા, મુખી, તલાટી વગેરે જે જે સરકારી નોકરી રાજીનામાં આપ્યા હતા તેમને ફરી નોકરીમાં લેવામાં આવશે અને ચાલુ કેશો, મોકૂફ રાખવામાં આવશે. આથી લોકોના ઉત્સાહમાં વધારો થયો પણ એ બધું ખોટું પડતું જોઈને લોકોમાં નિરાશા આવવા લાગી. આશાભાઈને જેલમાંથી બહાર આવ્યા બાદ રાસ ગામના લોકો ઉપર દમનનો કોરડો વીંઝ્યો હતો. આથી રાસ ગામના લોકોને નજીકના ગાયકવાડના હદના ગામોની ખેતરોમાં આશ્રય લેવો પડ્યો હતો. પહેલા દિવસે આખું ગામ હીજરત કરી ગયું. રાસ ગામમાં ખેડૂતોને મારવા માટે સરકારે પોલીસ ગોઠવી હતી. પોલીસોએ લોકોના ખાલી મકાનો લૂંટ્યા હતા. અસહ્ય દુઃખની પરિસ્થિતિમાં આશાભાઈ લોકોની સાથે રહ્યા હતા. સંધિ થતા ગુજરાતીઓને ગામમાં પાછા ફર્યા ગામમાં પ્રવેશ કરતા પહેલા રાસવાસીઓએ હઠ પકડી કે મહાત્મા ગાંધીજી અમારા ગામમાં પ્રથમ પગ મૂકે પછી જ અમે ગામમાં જઈએ. ગાંધીજી ત્યારે ત્યાં પહોંચી શકે તેમ ન હોવાથી મોરારજીભાઈ અબ્દુલગફારખાન તથા અન્ય આગેવાનો સાથે વાજતે ગાજતે ગામમાં પ્રવેશ કર્યો. ગાંધીજીના કહેવાથી રવિશંકર મહારાજ રાસ ગામમાં રોકાયા હતા.

રાસ ગામના લોકોની ખાલસા થયેલી જમીન ગાંધીજીએ પરત અપાવી હતી. ગાંધીજીએ બોરસદમાં રહીને રાસ ગામના લોકોનું મહેસુલ મોકૂફ રખાયું હતું. સંધિ પ્રમાણે રાસની જમીન ખેડૂતોને હજુ પાછી મળી ન હતી. આ સમય

દરમિયાન ગાંધીજીએ લંડન રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં જવાનું થયું હતું. ગાંધીજીએ ત્યાં જઈને જોયું કે આ કોન્ફરન્સમાં કોઈ સાર નીકળવાનો નથી. ગાંધીજી મુંબઈ પરત ફર્યા ત્યારે તેમનું ભવ્ય સ્વાગત થયું. સાંજે તેમણે એક જાહેર વ્યાખ્યાન આપ્યું તેથી તેમણે પકડવામાં આવ્યા ઇ.સ ૧૯૩૦ ની જેમ સમગ્ર દેશમાં લોકોએ સત્યાગ્રહ આંદોલન શરૂ કરી દીધું. રાસમાંથી રવિશંકર મહારાજ અને આશાભાઈને ઝડપી લેવામાં આવ્યા. રવિશંકર મહારાજે અને આશાભાઈએ રાસ ગામના લોકોનો લડતમાં જોડવા સભાઓનું પૂર્વ આયોજન કર્યું તે પ્રમાણે રાસ ગામના લોકોનો જુસ્સો અણનમ રહ્યો. રાસ ગામના લોકોને પજવવા માટે દરેક ઉપાયો કર્યા હતા છતાં તેઓ મક્કમ રહ્યા હતા. સરકારનું દમન ચક્ર શરૂ રહ્યું હતું છતાં રાસના બહાદુર ખેડૂતો અડગ રહ્યા હતા.

## ❖ સમાપન

આમ સ્વાતંત્ર સંગ્રામની લડતમાં રાસ ગામના લોકો એ જોડાઈને રાસ ગામના ખમીરવંતા ખેડૂતો અને અડગ મનના ગ્રામજનોના સાથ અને સહકાર દ્વારા ચરોતર વિસ્તારના રાસ ગામે સ્થાનિક કક્ષાએ લીધેલા તત્કાલીન બ્રિટિશ સામ્રાજ્ય સામેના પગલાઓનો સરદાર અને ગાંધીજીના ચીંધ્યા માર્ગે ચાલીને રાસ ગામને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઓળખ અપાવી હતી.

આઝાદીની લડતમાં રાસ ગામના બહાદુર ગામજનો સરકારના જુલ્મો સહન કરીને નાકરની લડતમાં અંગ્રેજોને અસહકારનું જે ઉદાહરણ પૂરું પાડ્યું છે. તે સદાય ઇતિહાસ પાનાઓમાં સુવર્ણ અક્ષરે લખાયેલું રહેશે. આજથી લગભગ એક સદી પૂર્વેની આ ઘટનાને સમગ્ર વિશ્વનું ધ્યાન આકર્ષિત કર્યું હતું તેમાં રાસના શૂરવીરોનું અનેરુ પ્રદાન રહેલું છે. રાસ ગામના લોકો આજે પણ તેમના પૂર્વજોની આ લડતને વાગોળતા ગર્વ અનુભવે છે જેનો ગર્વ સૌ ભારત વાસીઓ સાથે જોડાયેલો છે.

## ❖ સંદર્ભ ગ્રંથો


- મહેતા બબલભાઇ, વાત્સલ્યમૂર્તિ રવિશંકર મહારાજ, રવિશંકર મહારાજ સેવા ટ્રસ્ટ, ૬૬૯ અમદાવાદ, તૃ. આ. ૧૯૮૮.
- પાઠક રામનારાયણ નાગરદાસ. સ્વતંત્ર ભારતના શિલ્પી, સરદાર વલ્લભભાઈ પટેલ, નવજીવન અમદાવાદ. પ્ર. આ. ૧૯૭૫.
- પાઠક રામનારાયણ નાગરદાસ, 'ક્રાંતિકાર ગાંધી' ભારત ઉદય મંડળ, પોરબંદર. પ્ર. આ. ૧૯૮૮.
- પ્રભાકર વિષ્ણુ, 'સરદાર વલ્લભભાઈ પટેલ' નેશનલ બુક ટ્રસ્ટ ઓફ

ઇન્ડિયા, નવી દિલ્હી. પ્ર. આ. ૧૯૮૪.

- આચાર્ય શ્રી રામ શર્મા - સરદાર વલ્લભભાઈ પટેલ, યુગનિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ ગાયત્રી તપોભૂમિ, મથુરા, અમદાવાદ. પ્ર. આ. ૨૦૧૬.
- સંપાદકો (શાહ પુરુષોત્તમ છ. અને શાહ ચંદ્રકાંત ફૂ.) ચરોતર સર્વસંગ્રહ ખેડા જિલ્લાનો માહિતી ગ્રંથ વિભાગ બીજો ખંડ ૧ થી ૨૦ નડિયાદ, પ્ર. આ. ૧૯૫૪.
- ઠાકર કપિલ, અતુલ્ય વારસો, ૭૫ વર્ષ આઝાદી કા અમૃત મહોત્સવ, ભારત રત્ન સરદાર પટેલ વિશેષાંક સળંગ અંક ૩૨ વર્ષ ૯ માર્ચ ૨૦૨૨.
- gu.m.wikipedia.org.
- Onefivenine.com.
- Wikimapia. times of india.
- રૂબરૂ ગ્રામ મુલાકાત તા ૧૧ જુલાઇ ૨૦૨૪.